**સને-૨૦૧૬-૧૭ વર્ષના અંદાજપત્રમાં સમાવિષ્ટ રૂા.૧૦૦ કરોડ થી વધુ રકમની ચાલુ યોજનાઓની વહીવટી મંજુરી બાબત**

ગુજરાત સરકાર
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: બીયુડી/૧૦/૨૦૧૬/૧૮૨૦૭૧/બ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૬/૦૪/૨૦૧૬

**ઠરાવ:-**

પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના સને-૨૦૧૬-૧૭ વર્ષના અંદાજપત્રમાં આયોજન સદર હેઠળ ચાલુ યોજનાઓ માટે રૂા.૧૦૦ કરોડ થી વધુ રકમની અંદાજપત્રીય જોગવાઇ કરવામાં આવેલ છે. આ ચાલુ યોજનાઓની સને-૨૦૧૬-૧૭ ના વર્ષમાં ખર્ચ કરવા માટે વહીવટી મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

કાળજી પૂર્વકની વિચારણાના અંતે નીચે દર્શાવેલ આયોજન સદર હેઠળની યોજનાઓની ચાલુ બાબતોને સને-૨૦૧૬-૧૭ ના નાણાંકીય વર્ષમાં ખર્ચ કરવાની વહીવટી મંજૂરી દર્શાવેલ લાગુ પડતી શરતોને આધિન આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

(રૂ. લાખમાં)

| SR. NO | Budget Head | Description | B.E. 2016-17 | State | CSS | Budget Publi.No. | Page No. |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 70-2515-00-101-09 | CDP-3 Strenghtening of BLA | 20500.00 | 20500.00 | 0 | 19 | 54 |
| 2 | 70-2515-00-102-09 | CDP-17 Infra. Development Rurban | 12755.00 | 12755.00 | 0 | 19 | 61 |
| | | Non-Plan | | | | | |
| 3 | 70-2515-00-800-11 | 14th Finance comm.(CSS) | 109995.36 | 0.00 | 109995.36 | 19 | 66 |
| 4 | 95-2515-00-800-03 | 14th Finance comm.(CSS) | 10367.28 | 0.00 | 10367.28 | 24(ii) | 203 |
| 5 | 96-2515-00-796-12 | 14th Finance comm.(CSS) | 25655.36 | 0.00 | 25655.36 | 24(iv) | 280 |

**શરતો:-**

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધિન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનુ ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનુ રહેશે.

(૪) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સારન્ડર કરવાની રહેશે.

(૫) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ તમામ શરતોનુ ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

(૬) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિઓનુ ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

(૭) આ કામમાં ટેન્ડર પ્રોસેસીંગ કરવાનુ થતુ હોય તો સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ. માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓ તથા વખતોવખત ની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

(૮) આ યોજના હેઠળ જગ્યાઓની મંજુરી મેળવવાની થતી હોય તો તે માટે અલગથી મંજુરી માટેની દરખાસ્ત કરવાની રહેશે.

(૯) કેન્દ્ર સરકાર દ્વારા ફંડીંગ પેટર્નમાં ફેરફાર કરવામાં આવે તો તે મુજબ સુધારેલ વહિવટી મંજુરી માટે નાણાં વિભાગને દરખાસ્ત કરવાની રહેશે તેમજ તે મુજબ વિભાગે સુધારેલ અંદાજપત્રમાં જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૦) કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ માટે ભારત સરકારશ્રીની સુચનાઓ તથા ગાઈડલાઈન્સનુ ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે. યુટીસી સમયસર મોકલવાના રહેશે.

(૧૧) કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓની શરતોનુ ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

(૧૨) પ્રવર્તમાન યોજનાના નોમ્સ અને સહાયની રકમોમાં જે ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

**૧૩. <u>બાંધકામના કિસ્સામાં નીચે દર્શાવેલ શરતોનુ ચુસ્તપણે અમલ કરવાનુ રહેશે.</u>**

(૧) બાંધકામના કામોની દરખાસ્તોની મંજુરી માટે વિભાગે તાત્કાલિક પ્રવર્તમાન S.O.R. મુજબ નકશા-અંદાજો રજુ કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજુરી મેળવવાની રહેશે.

(૨) બાંધકામના કામોમાં P.W.D મેન્યુઅલની જોગવાઈઓનુ પાલન કરવાનુ રહેશે.

(૩) સુચિત કામો પૈકી જે કામ,ઓ MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગે વિભાગે તકેદારી રાખવાની રહેશે.

(૪) આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત જણાય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી વિભાગ કક્ષાએ સત્વરે પુર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પુર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.

(૫) રેલ્વે, નેશનલ હાઈવે ઓથોરીટી, પુરાતત્વ ખાતુ, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, સ્થાનિક સત્તામંડળ વગેરે જેવી ઓથોરીટીની મંજુરી જરૂરી હોય તેવા કિસ્સામાં આવી મંજુરી મેળવ્યા બાદ જ બાંધકામ અંગેની કામગીરી હાથ ધરવાની રહેશે.

(૬) આ કામની ડીઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સુચનાઓનુ ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

(૭) શક્ય હોય ત્યા પ્રસ્તુત બાંધકામમાં ગ્રીન બિલ્ડીંગના અભિગમનો પણ અમલ કરવાનો રહેશે.

(૮) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ, માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનુ ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

(૯) મંજુર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજુરી સમયસર મેળવવાની પુરતી તકેદારી રાખવાની રહેશે.

(૧૦) સરકારશ્રીની મંજુરીથી જે કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામા આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સામાં રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

પ્રસ્તુત ઠરાવ સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગની તા.૧૨/૦૪/૨૦૧૬ની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આર.જે.ખરાડી)
સેક્શન અધિકારી
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,

**પ્રતિ**

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રી(પંચાયત) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.સંસદીય સચિવશ્રી, (પંચાયત) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(પંચાયત), પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ગ્રામ વિકાસ), પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- વિકાસ કમિશ્નરશ્રી , વિકાસ કમિશ્નરશ્રીની કચેરી , ગુજરાત રાજ્ય ગાંધીનગર
- કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ, ગ્રામ વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય , ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (પંચાયત) , નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (ગ્રામ વિકાસ) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગર
- સર્વે નાયબ સચિવશ્રીઓ, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગર
- ઉપસચિવશ્રી (બજેટ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપસચિવશ્રી (બજેટ) આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપસચિવશ્રી (બજેટ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી(એકાઉન્ટસ ), ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ
- એકાઉન્ટ જનરલશ્રી(ઓડિટ), ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીની કચેરી, ગાંધીનગર/અમદાવાદ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, સર્વે શાખાઓ, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેક્ટ ફાઇલ